ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી


ચંદ્રકાન્ત સુખડીયા
મો. ૯૮૨૫૭ ૩૮૬૮૬


સુખલાલ બાબુરાવ ભોપે
મો. ૯૯૦૯૫ ૬૫૨૬૦


શિવાભાઈ જે પટેલ
મો. ૯૯૭૮૪ ૫૫૧૯૦


કિશન પ્રદીપકુમાર ભોપે
મો. ૯૮૨૪૪ ૨૮૨૭૪

ગણતંત્ર દિવસની ઉજવણી નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સ્કૂલ્સ દ્વારા

# સાંસ્કૃતિક કૃતિઓની મોહક રજૂઆત



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને સેક્ટર-૨૩ સ્થિત પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા સંયુક્ત રીતે શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાના યજમાનપદે દેશના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ ડી પટેલ, મુખ્ય મહેમાન તરીકે દાતા ભગુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પસ ડિરેક્ટર સોમાભાઈ સી પટેલે અતિથિઓનો શાબ્દિક પરિચય પ્રસ્તુત કર્યો હતો. મુખ્ય મહેમાનના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. સમારંભના અધ્યક્ષ ડૉ. કનુભાઈએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આઝાદી માટે શહીદ થયેલા વીરોને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. તેમણે વિશ્વમાં ભારત કયાં ક્ષેત્રોમાં અગ્રેસર છે તે અંગે સુંદર માહિતી પ્રસ્તુત કરી હતી.

ત્યારબાદ ૭ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પર્યાવરણ સુરક્ષા, બેટી બચાવો, પાણી બચાવો જેવા વિષયો ઉપરાંત દેશભક્તિ નૃત્યોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમનું સફળ સંચાલન માધ્યમિક વિભાગના શિક્ષક રમણભાઈ બી પટેલે કર્યું હતું. ગિતેષભાઈ પટેલે આભાર દર્શન કર્યું હતું.

## સરઢવ ગામની સ્કૂલ્સ દ્વારા ગણતંત્ર દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૩૧

શેઠ એસ એમ સાર્વજનિક અને શ્રી બીપી પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ તથા શ્રી છગનભા સાર્વજનિક પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે સરઢવ ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી શાનદાર રીતે કરવામાં આવી હતી. ગામના શ્રેષ્ઠી ડૉ. કે ટી પટેલના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

એનસીસી કેડેટ્સ દ્વારા શાનદાર પરેડનું નિદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. દક્ષા ઠાકોર નામની વિદ્યાર્થિનીએ 'બેટી બચાવો, બેટી પઢાવો' વિષયે હૃદયસ્પર્શી વક્તવ્ય આપીને શ્રોતાજનોને લાગણીસભર બનાવી દીધા હતા. કાર્યક્રમનું સંચાલન એ પી દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. છગનભા પ્રાથમિક શાળાના નિયામક મહેશભાઈ એસ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.



વાસન પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતનાં સદસ્ય સુશીલાબા અરવિંદસિંહ વાઘેલાના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. તેમણે ગ્રામજનોને બેટી બચાવો, બેટી પઢાવો ઉપરાંત દીકરીને સલામ, દેશને નામ જેવા સંદેશ આપ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

# ઉત્સાહ, ખુશી, ખેલ અને ખેલદિલી























અમદાવાદ ડિફેન્ડર્સ અને સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગુજરાત ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા વૉલીબૉલ ચૅરિટી રન ફૉર યુનિટીનું આયોજન રાજ્યના ૨૯ જેટલા જિલ્લાઓમાં કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં આ ચૅરિટી રનની યજમાની શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭ દ્વારા સ્વીકારવામાં આવી હતી. સામાન્ય રનર્સે પાંચ કિમી અને મનોદિવ્યાંગ રનર્સ ૧ કિમીની દોડ પૂર્ણ કરી હતી. અમદાવાદ ડિફેન્ડર્સ ટીમના આંતરરાષ્ટ્રીય ખેલાડી એવા યુરોપના વિક્ટરની ઉપસ્થિતિ આ કાર્યક્રમનું આકર્ષણ બની રહી હતી, તેમના અને ગાંધીનગરના જાણીતા રનર સંજય થોરાતના હસ્તે ફ્લૅગ ઑફથી ચૅરિટી રનની શરૂઆત કરાવવામાં આવી હતી. ૨૦૦ ખેલાડીઓની ઉત્સાહપૂર્ણ દોડ, નાસ્તો, ઈનામ વિતરણ અને પછી કૉલેજ કૅમ્પસની વિદ્યાર્થિનીઓએ મુક્ત બનીને ડાન્સના માધ્યમથી યાદગાર માહોલ ખડો કર્યો હતો. ઉત્સાહ, ખુશી, ખેલ અને ખેલદિલીનો સુભગ સમન્વય આ અનોખા કાર્યક્રમમાં જોવા મળ્યો હતો.

# મારા મહાત્મા

॥ દસમો મણકો ॥

તો હવે ગાંધીજીના જીવનકાર્યને આપણે તેમના આત્માના પરિપ્રેક્ષ્યમાં જ સમજવું રહ્યું. આપણે તેમને મહાત્મા તો કહ્યા જ છે, એટલે કે તેમનો આત્મા - સમસ્ત સૃષ્ટિનું સ્વરૂપ જેમાં એકરૂપ છે તેવા ૐકારના 'ઉકાર' (મૃત્યુલોક)માં રહેલા સ્થૂળ દેહથી પર હતો. મૃત્યુલોકમાં તામસી ગુણોની માત્રા વધુ હોય છે. મતલબ કે મહાત્માજી તામસી ગુણોથી પર હતા તેમ કહી શકાય. (માનવનો સ્થૂળ દેહ પંદર તત્ત્વોનાં પુદ્‌ગણથી બને છે. જેમાં પાંચ કર્મેન્દ્રિયો -હાથ, પગ, મુખ, મળ-મૂત્ર અંગ તથા જનનાંગ છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો - આંખ, કાન, નાક, જિહ્વા અને ત્વચા છે. જ્યારે પાંચ મહાભૂતો - અસ્થિ, ચેતા, માંસ, રસ અને ધાતુ છે. સમગ્ર ઉકાર તામસી ગુણોથી ભરપૂર છે.)



વળી, ૐકારના 'મકાર' (દેવલોક)માં રહેલા સૂક્ષ્મદેહથી પણ ગાંધીજીનો આત્મા અલિપ્ત હતો. મકારમાં રજસ ગુણોની માત્રા વધુ હોય છે, જેવા કે શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ. મનુષ્યનો સૂક્ષ્મદેહ ઉપરોક્ત પાંચ વિષયોથી બનેલો છે. વળી મકારમાં ૩૩ કોટિ દેવી-દેવતાઓનો વાસ છે. તે સ્વર્ગલોક તરીકે પણ ઓળખાય છે.

આગળ જતાં ચારેય અંતઃકરણ - મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્તનો જેમાં વાસ છે તેવા ૐકારમાંના 'અકાર' (ઈશ્વરલોક)થી પણ ગાંધીજીનો આત્મા ઉપર ઉઠ્યો હતો. એટલે કે કારણદેહથી પણતેઓ પર હતા. અકારનો મુખ્ય ગુણ છે સત્વ. મતલબ કે સત્વગુણોથી પણ તેઓ પર હતા. ઈશ્વરકોટિમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને આદ્યશક્તિનો નિવાસ છે. મનુષ્યનો કારણદેહ ચારેય અંતઃકરણ - મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્તથી બનેલો છે. ચિત્તનું પ્રતિનિધિત્વ આદ્યશક્તિ કરે છે, જ્યારે અહંકારનું શિવ, બુદ્ધિનું વિષ્ણુ અને મનનું પ્રતિનિધિત્વ ત્રિમુખી બ્રહ્મા કરે છે.

ઉપર જતાં ૐકારમાં હવે સાથે માત્રનું સ્થાન એટલે કે અક્ષરધામ જ્યાં સ્વયં અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ વેદનારાયણ બિરાજમાન છે. ગાંધીજીનો ાત્મા અહીં મહાકારણ દેહથી પણ ઉપર ઉઠ્યો હતો. મનુષ્યનો મહાકારણ દેહ પાંચ વાસનાઓના પિંડથી બનેલો છે. જેવી કે કામ, ક્રોધ, મદ, મોહ અને લોભ. આ માત્રા તત્ત્વગુણી માત્રા છે. મતલબ કે ગાંધીજીનો આત્મા તત્ત્વગુણોથી પણ પર થયો હતો તેમ કહી શકાય.

હવે, આત્માને કાપવાનું બાકી રહ્યું તે અંતર ૐકારમાંની માત્રા અને બિંદુ વચ્ચેનું છે. બિંદુ અને માત્રા વચ્ચેના વિસ્તારને 'મન્વંતર' કહે છે. આ બિંદુ તે જ પરમસત્ય પરમાત્મા. તે જ પ્રત્યેક જીવતા આત્માનું મૂળ રૂપ. આ દૃશ્ય-અદૃશ્ય વિદ્યમાન વિશ્વ, આ ચરાચર ક્ષરૂઅક્ષર વિશ્વનું તે જ મૂળ સ્વરૂપ. સૃષ્ટિના પ્રત્યેક જીવના આત્માની ગતિ જાણે-અજાણે પણ હંમેશાં આ પરમાત્મા તરફી, તેમાં એકરૂપ થવાના ધ્યેયયુક્ત હોય છે.

હવે, સાયુજ્ય મુક્તિ માટે જતો આત્મા, અક્ષરધામ (માત્રા)ના સ્તર પર પોતાના પ્રત્યેક પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ દેહોમાંથી મુક્ત થઈ એકમાત્ર પરમાત્મા (બિંદુ)માં એકરૂપ થવા માટે ગતિ કરે છે. આત્મની આ ગતિને પરમગતિ કહે છે. પરમગતિમાં પડેલા એટલે કે મન્વંતરમાં ફસાયેલા આત્માને ચાર સ્તરમાંથી નિર્વિઘ્ને પસાર થવું પડે છે. શુદ્ધાશુદ્ધ પરમગતિ - શુદ્ધ પરમગતિ - તાત્વિક શુદ્ધ પરમગિત.

હવે, ગાંધીજીનાં જીવનકાર્યોને તેમના ગુણો, મૂલ્યો અને સિદ્ધાંતોને જોતાં સમજાય છે કે તેમનો આત્મા અહીં મન્વંતરમાં ક્યાંક ફસાયેલો હતો. જેમ કોઈ એક યોગસિદ્ધ પુરુષનો આત્મા કે એક સંનિષ્ઠ જૈન મુનિનો આત્મા કે પછી સાયુજ્ય મુક્તિની તીવ્ર ઝંખના ધરાવતા કોઈ એક સાધનો આત્મા જ્યારે આ મન્વંતરમાંની પરમગતિને પસાર કરવા પ્રયત્નશીલ હોય ત્યારે તેણે ધારણ કરેલા દેહ (મનુષ્ય દેહ) દ્વારા પળાતાં વ્રતો અને સિદ્ધાંતો જેવાં કે અભયપણું, સત્યનિષ્ઠા, અહિંસાધર્મનિષ્ઠા, બ્રહ્મચર્યવ્રત, વૈરાગ્ય, અપરિગ્રહ વિગેરેનાં પાલનનો દૃઢ આગ્રહ ગાંધીજીએ તેમના જીવન દરમિયાન સેવ્યો હતો.

એટલે કે સાયુજ્ય મુક્તિના ધ્યેયવાળા સાધકના સાધનોના માર્ગમાં જે ઉચ્ચતમ ગુણોની પ્રાથમિક આવશ્યકતા છે તે જ વિશિષ્ટ ગુણોનો આવિર્ભાવ મહાત્મા ગાંધીએ તેમના જીવનમાં કર્યો હતો. તો સંસારમાં રહ્યા છતાં ગાંધીજી કોઈ એક ધ્યેયનિષ્ઠ વૈરાગી સાધક કે ધર્માભિમુખ સંતની સમકક્ષ હતા તેમ પ્રતીત થાય છે. (ક્રમશઃ)



- ડૉ. બદ્રિશ એચ સંઘવી